પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૮૬ ૨૬ ડિસેમ્બર, ૨૦૧૭, મંગળવાર ; પોષ સુદ - ૮ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### મુંબઈના વાલ્કેશ્વરમાં આગ

મુંબઈના વાલ્કેશ્વરમાં આવેલી એક બિલ્ડીંગના ૧૭મા માળે આગ ફાટી નીકળતા અંધાધુંધી ફેલાઈ હતી. બચાવ અને રાહત કામગીરી માટે ૧૨ જેટલા ફાયર ટેન્કર્સને સ્થળ પર મોકલવામાં આવ્યા હતા.

### ચીનનો આર્થિક વૃદ્ધિદર ૪.૪ ટ્રીલીયન ડોલરે

દુનિયાની સૌથી ઝડપી વિકસી રહેલી ઈકોનોમીમાં સમાવિષ્ટ એવી ચીનની ઈકોનોમી છેલ્લા છ વર્ષમાં ૪.૪. ટ્રીલીયન ડોલર સુધી પહોચી છે. જે ભારત, રશિયા અને ઈરાનની સંયુક્ત ઈકોનોમી જેટલી થાય છે.

### શીલ્પા શેટ્ટીએ સુરતમાં માફી માંગી



સુરતના એક વેલનેસ સેન્ટરના ઉદઘાટન પ્રસંગે આવેલી અભિનેત્રી શીલ્પા શેટ્ટીને વાલ્મીકી સમાજ માટે બોલાયેલા અપશબ્દો માટે પુનઃ પત્રકારોના સવાલોનો સામનો કરવો પડ્યો હતો. આ મામલે શીલ્પા શેટ્ટીએ હાથ જોડીને વાલ્મીકી સમાજની માફી માંગી હતી.

# આજે રૂપાણી સરકારની તાજપોશી

**તૈયારી પૂર્ણ : આજે વિજય રૂપાણી સરકારની શપથવિધીને લઇને ઉત્સાહ : ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં રેકોર્ડ સતત છઠ્ઠી વખત જીત મેળવી લીધા બાદ ફરી ભાજપ સરકાર બનશે : શપથવિધીને યાદગાર બનાવવાનુ આયોજન**

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીમાં રેકોર્ડ સતત છઠ્ઠી વખત જીત હાંસલ કર્યા બાદ હવે આવતીકાલે વિજય રૂપાણી સરકારના શપથવિધીને લઈને તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. આવતીકાલે સવારે ૧૧ વાગ્યે ગાંધીનગરના નવા સચિવાલય ગ્રાઉન્ડ ખાતે શપથવિધી યોજાનાર છે. જેની તૈયારી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહી હતી. શપથવિધીને ભવ્ય અને શાનદાર બનાવવા માટે ભાજપના ટોપના નેતાઓ અને કાર્યકરો લાગેલા હતા. ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે વિજય રૂપાણી ફરી એકવાર રાજ્યના મુખ્યપ્રધાન બનવા જઈ રહ્યા છે. જ્યારે નાયબ મુખ્યપ્રધાન તરીકે પણ નિતિન પટેલને જારી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં જીત મેળવ્યા બાદથી શપથવિધીને લઈને તૈયારી શરૂ કરવામાં આવી હતી. હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી ભારે રોમાંચક રહી હતી. તીવ્ર સ્પર્ધા બાદ ભાજપે બહુમતિ મેળવી લીધી હતી.



વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ૯૯ સીટ મળી હતી. વર્ષ ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીની તુલનામાં ભાજપને ઓછી સીટ મળી છે પરંતુ અનેક અનેક પરિબળો હોવા છતાં મળેલી જીતને ખુબ મોટી જીત ગણી શકાય છે. ભાજપને પરાજિત કરવા માટે આ વખતે અનેક અસંતુષ્ટ યુવાનો મેદાનમાં આવ્યા હતા. પાટીદારો માટે આંદોલન કરનાર હાર્દિક પટેલે તમામ તાકાત લગાવી દીધી હતી. હાર્દિકે તમામ પાટીદાર પ્રભુત્વવાળા વિસ્તારોમાં રેલી અને રોડ શો યોજીને ભાજપને બોધપાઠ ભણાવવા માટે અપીલ કરી હતી. તેની અસર દેખાઈ પણ હતી. અનેક વિસ્તારોમાં ભાજપને ઓછી સીટ મળી છે. જો કે સત્તા જાળવી રાખવા માટેની બાબત ખુબ મોટી બાબત રહી છે. જિગ્નેશ મેવાણી અને અલ્પેશ ઠાકુર જેવા યુવા નેતાઓ પણ ભાજપને પરાજિત કરવા માટે કોંગ્રેસની સાથે હતા. ઉપરાંત છેલ્લા ૨૨ વર્ષથી શાસન વિરોધી પરિબળો પણ હતા. આ તમામ પરિબળોને પાછળ છોડીને જીત મેળવવાની બાબત ભાજપ માટે ખુબ મોટી

● અનુસંધાન પાન-૭ પર

# કુલભૂષણની માતા-પત્નિ સાથે યોગ્ય મુલાકાત ન કરાવી

**મુલાકાત કરાવવાની પાકિસ્તાનની રીત સામે વાંધો : માતા અને પત્નિની સાથે મુલાકાત પહેલા વિડિયો રેકોર્ડિંગ**



નવી દિલ્હી,તા. ૨૫

પાકિસ્તાન સરકારે પોતાને ત્યાં જેલમાં બંધ રહેલા ભારતીય નાગરિક કુલભુષણ જાધવની મુલાકાત જે રીતે તેમના માતા અને પત્નિ સાથે કરાવી છે તેને લઈને જોરદાર નારાજગીનુ મોજુ ફરી વળ્યુ છે. પાકિસ્તાન દ્વારા અપનાવવામાં આવેલી રીત સામે વાંધો ઉઠાવવામાં આવી રહ્યો છે. પાકિસ્તાન હવે જાધવના જારી કરેલા વિડિયોને લઈને ચર્ચા છેડાઈ ગઈ છે. અલબત્ત આ વિડિયોની રેકોર્ડિંગ આ મુલાકાત પહેલા કરવામાં આવી છે. આ વિડિયોમાં કુલભુષણ જાધવ પરિવારના સભ્યો સાથે વાતચીત કરવા બદલ પાકિસ્તાન સરકારનો આભાર માનતો નજરે પડે છે. આજે પાકિસ્તાન સરકારે જે રીતે કુલભુષણ અને તેમના પરિવારના સભ્યોની મુલાકાત કરાવી તેને લઈને નારાજગી વ્યક્ત કરવામાં આવી રહી છે. પાકિસ્તાની જેલમાં રહેલા જાધવની મુલાકાત દરમિયાન એક કાંચની

● અનુસંધાન પાન-૭ પર

# જાકીર નાઈકની તરત ધરપકડ કરવા એનઆઈએ માંગ કરશે

નવી દિલ્હી,તા. ૨૫

રાષ્ટ્રીય તપાસ સંસ્થા(એનઆઈએ) વિવાદાસ્પદ ઈસ્લામિક ઉપદેશક જાકીર નાઈકની તરત ધરપકડ કરવા માટેની અપીલ કરનાર છે. એમ માનવામાં આવે છે કે નાઈક હાલમાં મલેશિયામાં છે. એનઆઈએની ટીમ મંગળવારના દિવસે ઈન્ટરપોલ સમક્ષ નાઈકની સામે નવેસરથી રેડ કોર્નર નોટીસ જારી કરવા માટે અપીલ કરનાર છે. તરત ધરપકડ માટેની અપીલ કરવામાં આવ્યા બાદ મલેશિયાને ભારતની સાથે થયેલી સમજુતી મુજબ નાઈક ક્યાં છે તે અંગે માહિતી આપવી પડશે. અત્રે નોંધનીય છે કે આ મહિનામાં જ ઈન્ટરપોલે એનઆઈએની રેડ કોર્નર નોટીસ જારી કરવાની અપીલને ફગાવી દીધી હતી.

# ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી

**ઉત્તર ભારત ધુમ્મસના સકંજામાં : કાશ્મીર-હિમાચલમાં હિમવર્ષાથી તીવ્ર ઠંડીનું મોજુ : સતત બીજા દિવસે ૨૬ ટ્રેનો લેટ, ૧૭ ટ્રેનોને રદ કરવાની ફરજ પડી : જમ્મુ-કાશ્મીરમાં શૂન્યથી પણ નીચે તાપમાન**

નવી દિલ્હી,તા. ૨૫

રાષ્ટ્રીય પાટનગર દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ધુમ્મસ અને તીવ્ર ઠંડીના કારણે આજે પણ જનજીવન ખોરવાયેલુ રહ્યુ હતુ. તાપમાનમં ઘટાડો થવાના કારણે ધુમ્મસની ચાદર સમગ્ર ઉત્તર ભારતમાં જોવા મળી હતી. ધુમ્મસના કારણે આજે સતત બીજા દિવસે પણ વિમાની સેવા અને ટ્રેન સેવા ખોરવાઈ ગઈ હતી. જેના કારણે મોટી સંખ્યામાં લોકો જુદી જુદી જગ્યાએ અટવાઈ પડ્યા હતા. ઉત્તરપ્રદેશ અને પંજાબમાં ધુમ્મસની સૌથી ખરાબ અસર થઈ છે. ધુમ્મસના કારણે વિજિબિલિટી ઘટી ગઈ હતી.રાષ્ટ્રીય પાટનગરમાં આજે પણ ૨૬ ટ્રેનો લેટ પડી હતી. ૧૭ ટ્રેનોને રદ કરવાની ફરજ પડી હતી. ગઈકાલે રવિવારે પણ ૧૭ ટ્રેનો રદ કરવાની ફરજ પડતા યાત્રીઓ જુદી જુદી જગ્યાએ અટવલાઈ પડ્યા હતા.



પ્રદુષણના કારણે તકલીફ વધી રહી છે. ધુમ્મસના કારણે રેલવે બોર્ડે ૧૭મી ડિસેમ્બરથી ૧૫મી જાન્યુઆરી ૨૦૧૭ સુધીની અનેક ટ્રેનોને રદ કરી દીધી છે. ૨૮ ટ્રેનોના આવવા તેમજ જવાના સમયમાં ઘટાડો કરી દીધો છે. ડિસેમ્બર મહિનામાં ધુમ્મસના કારણે રેલ વ્યવહાર ખોરવાઈ ગયો છે. રેલવે સ્ટેશન પર યાત્રી બેહાલ બન્યા છે. એક તરફ ધુમ્મસ અને બીજી તરફ ઠંડીમાં વધારાના કારણે લોકોને લાંબા સમય સુધી ઠંડીમાં ઠુઠવાઈને પણ ટ્રેનની રાહ જોવી પડી છે. રેલવે અધિકારીઓનું કહેવું છે કે, ધુમ્મસે રેલવે ટાઈમ ટેબલ જેવું કંઈ રહેવા દીધું નથી. કોઈપણ ટ્રેનના સમયમાં વારંવાર ફેરફાર કરવા પડી રહ્યા છે. જેને લઈને જો ટ્રેનના ઉપડવાના સમયને સાચો બતાવવામાં આવે તો પણ મુશ્કેલી ઉભી થઈ શકે તેમ છે.

આજ કારણસર જેમ જેમ માહિતી મળતી જાય છે તેમ તેમ દિલ્હીથી ઉપડતી અને આવતી તમામ ટ્રેનોના સમયમાં વારંવાર ફેરફાર કરવા પડે છે. કુદરત અને બદલતા જતાં વાતાવરણની વચ્ચે અમે પણ કંઈ ખાસ કરી શકતા નથી જેને લઈને મુસાફરોની મુશ્કેલીમાં ભારે વધારો થઈ રહ્યો છે.

# એચ-૧બી વીઝા પ્રક્રિયાને અમેરિકા વધુ કઠોર કરશે

**ભારતીય પ્રોફેશનલો માટે નિરાશાજનક સમાચાર : નવા પ્રસ્તાવ બાદથી એચ-૧બી વીઝા મેળવી લેવા માટેની બાબત ખુબ મુશ્કેલ બનશે : છટણીની પ્રક્રિયા વધારે કઠોર**

બેંગલોર,તા. ૨૫

અમેરિકામાં જોબ મેળવી લેવા માટે ઈચ્છુક ભારતીય પ્રોફેશનલ લોકો માટે નિરાશાજનક સમાચાર છે. કારણ કે અમેરિકા હવે એચ-૧બી વીઝા માટેની પ્રક્રિયાને વધારે કઠોર કરનાર છે. અમેરિકાના હોમલેન્ડ સિક્યુરિટી ડિપાર્ટમેન્ટે એક એવા પ્રસ્તાવની રૂપરેખા તૈયાર કરી છે જે હેઠળ એચ-૧બી વીઝા મેળવી લેવા માટેની બાબત ખુબ મુશ્કેલ બની જશે. આ પ્રસ્તાવમાં એચ-૧બી વીઝા અરજીદારોની છટણીની પ્રક્રિયાને વધારે કઠોર બનાવી દેવામાં આવનાર છે. ઈન્ટરનેશનલ ઈમિગ્રેશન ફર્મ ફ્રોગોમેને પોતાના નવા હેવાલમાં કહ્યુ છે કે ડીએચએસ દ્વારા તેના ૨૦૧૧ના પ્રસ્તાવમાં સુધારા કરવાના સંકેત આપી દીધા છે. જેમાં પોતાની એચ-૧બી વીઝા માટેઅરજી કરતા પહેલા એચ-૧બી કેપ લોટરી રજિસ્ટ્રેશન કરાવીને કેપ અરજી જમા કરાવવાની ફરજ પડશે. જો આવુ કરવામાં આવશે તો જ તેમને કેપ નંબર મળી શકશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ડીએચએસ એચ-૧બી કેપ નંબર ફાળવણી માટે એક પ્રાયોરિટી સિસ્ટમ લાવવાની યોજના પણ બનાવે છે. જેમાં એવી અરજીને પ્રાથમિકતા આપવામાં આવનાર છે જે સૌથી વધારે પગારદાર વાળા લોકો માટે છે. જે અરજી ઉચ્ચ કુશળતા ધરાવતા લોકો દ્વારા કરવામાં આવનાર છે.

# ક્રિસમસ પર્વે કાશ્મીરમાં પ્રવાસીનો પ્રવાહ નહિવત

નવી દિલ્હી,તા. ૨૫

જમ્મુ કાશ્મીરમાં આ વખતે ક્રિસમસ પર યાત્રીઓનો અપેક્ષા કરતા ઓછો ધસારો જોવા મળી રહ્યો છે. કાશ્મીરમાં પ્રવાસીઓના પ્રવાહ પર બ્રેક મુકવામાં કેટલાક કારણ રહેલા છે. જે પૈકી એક કારણ ખીણમાં હજુ સુધી હિમ વર્ષા થઈ નથી. જ્યારે કાશ્મીરમાં હાલમાં થયેલી અંધાધુંધી અને નોટબંધની અસર પ્રવાસીઓના ધસારા પર દેખાઈ રહી છે. ક્રિસમસના દિવસે સામાન્ય રીતે કાશ્મીરના હિલ સ્ટેશન હાઉસફુલ રહે છે.

આ વખતે ઓછા પ્રવાસી દેખાઈ રહ્યા છે. જ્યારે કોઈ પણ હિલ સ્ટેશન પર આ વખતે હજુ સુધી હિમવર્ષા થઈ ન હતી પરંતુ હવે જમ્મુના ડોડામાં હિમવર્ષ થતા આગામી દિવસોમાં પ્રવાસી પહોંચશે.




